## જન્મદિને વધામણી



સુરેન્દ્રભાઈ એન પુરોહિત
પ્રમુખ, મહાલક્ષ્મી માતાજીની વાડી, પેથાપુર
મો. ૯૯૨૪૬ ૪૯૪૪૩



કનૈયાલાલ બાલાશંકર ઉપાધ્યાય
મો. ૯૭૨૬૩ ૩૨૧૩૪



નવિનચંદ્ર ભીખાલાલ દરજી
મો. ૯૪૨૬૩ ૬૬૧૭૮



અનિલ જયસિંઘાણી
ડીઓ, એલઆઈસી



યોગિતાબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



દૃષ્ટિ જયદીપભાઈ સાધુ
મો. ૯૯૯૮૩ ૬૩૬૦૦

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ખેલ મહાકુંભમાં એસ જી સ્કૂલનાં બાળકો ઝળક્યાં



એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ અંતર્ગત અંડર-૧૪ એથ્લેટિક સ્પર્ધા, કરાટે ,બેટ મિન્ટન ,લોન ટેનિસ, સ્કેટિંગ અને ખોખો, ફૂટબોલ વગેરે સ્પર્ધાઓમાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓ આ સ્પર્ધાઓમાં પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા છે. વ્યાયામ શિક્ષક અને આચાર્યએ શાળા પરિવાર વતી ખેલાડીઓને અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો છે.

### સામાજિક સમરસતા અને સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત

# કલા ઉત્સવમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

જીસીઈઆરટી, ગાંધીનગર ખાતે સામાજિક સમરસતા અને સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ની વિદ્યાર્થીનીઓએ કલા સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં.

માધ્યમિક વિભાગની બાલ કવિ સ્પર્ધામાં રંજન ચૌધરીએ દ્વિતિય અને સંગીત ગાયન સ્પર્ધામાં ચાર્મી પટેલે તૃતિય ક્રમનું વિજેતા પદ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગની ચિત્ર સ્પર્ધામાં અંજલિ ચૌધરીએ તૃતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું.

વિજેતા વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે બી પ્રાથમિક શાળા ખાતે નોન ફાયર કૂકીંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ ન માત્ર સ્વાદિષ્ટ પરંતુ દેખાવમાંય સુંદર એવી વાનીઓનું સર્જન કર્યું હતું.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિક પ્રદર્શન યોજવામાં આવ્યું



ગાંધીનગર, તા. ૨૬

વાર્ષિક પ્રદર્શન બાળકોમાં છુપાયેલી વિવિધ ક્ષમતાઓને બહાર લાવવા માટેનું એક માધ્યમ છે. શાળામાં દૈનિક રીતે થતી ભણતરની પ્રવૃત્તિઓથી સ્હેજ અલગ રીતે જ્યારે બાળકો એક અલગ થીમ ઉપર આધારિત પ્રવૃત્તિઓ સાથે સંકળાય છે ત્યારે તેમનામાં રહેલી સર્જનાત્મકતા ખીલીને બહાર આવે છે. રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે યોજાયેલ વાર્ષિક પ્રદર્શન પણ વિદ્યાર્થીઓ માટે આવો જ એક સર્જનાત્મક ઉત્સવ બની રહ્યો હતો. શાળાના પ્રિ પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓ માટે 'યુનિટી ઈન ડાયવર્સિટી' (વિવિધતામાં એકતા) થીમ નિયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ભારતના વિવિધ પ્રદેશોના ખાન-પાન, રહેણી-કરણી, લોક નૃત્યો, પહેરવેશ અને ખ્યાત સ્થળોને ખૂબ સુંદર રીતે પ્રદર્શિત કર્યા હતા. પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓ 'સાયન્સ સિમ્પલીફાઈડ' થીમ આધારિત પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગરૂકતા આવે અને રોજ-બરોજના જીવનમાં વિજ્ઞાન કેવી રીતે વણાયેલું છે એ બાબતની તેમને સમજ મળે તે હેતુથી આ થીમ પસંદ કરવામાં આવી હતી. પ્રદર્શન નિહાળવા મોટી સંખ્યામાં વાલીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

રંગોલી ગૃપના ચૅરમૅન પ્રહર અંજારિયા, અનામિકા અંજારિયા અને શાળાના ટ્રસ્ટી પ્રણવ સોનીની ઉપસ્થિતિ પ્રોત્સાહક રહી હતી. આચાર્ય ડૉ. અંજુ વર્માએ કાર્યક્રમની સફળતા માટે સહભાગી સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

માણસ તો
સદીઓથી એ જ છે
બસ દરરોજ
નવી-નવી રીતે
જૂનો થતો જાય છે...

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૪**
ગાંધીગીરી
૩.૩૦, ૧૦.૦૦
મોટુ પાટલુ
૭.૪૫
માય ફાધર ઈકબાલ
૫.૪૫
લવ ડે
૧.૦૦
**સ્ક્રીન-૫**
એમ એસ ધોની
૬.૩૦
થર્ટી ફસ્ટ ઑક્ટોબર
૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

### સિધ્ધાર્થ લૉ કૉલેજના

# ઑફિસ સુપ્રિ. રોમેશ નિવેન નિવૃત્ત થયા





ગાંધીનગર, તા. ૨૬

ડૉ. આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિધ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરના ઑફિસ સુપ્રિટેન્ડન્ટ રોમેશ નિવેન (આર સી નિવેન) વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ બુધવારે કૉલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. નિવેનજી પાંચમી જુલાઈ, ૧૯૯૦થી સિધ્ધાર્થ લૉ કૉલેજમાં જુનિયર ક્લાર્ક તરીકે જોડાયા હતા. ઍલઍલઍમ અને પીઍચડી સ્કૉલર એવા રોમેશ નિવેન સ્પોર્ટ્સમાં પણ અગ્રેસર રહ્યા હતા. એમના વિદાય સમારોહમાં ડૉ. આંબેડકર એજ્યુકેશન સોસાયટીના મેનેજિંગ ટ્રસ્ટી વી એચ ભૈરવિયા, સૅક્રેટરી ઘનશ્યામ અમીન, એક્ઝીક્યુટીવ જયેશ ભૈરવીયા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે શાલ ઓઢાડી રોમેશ નિવેનને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે કૉલેજના પૂર્વ વિદ્યાર્થી એવા જિલ્લા સરકારી વકીલ હિતેશ રાવલ, ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી, પ્રદિપસિંહ વાઘેલા, જગદીશસિંહ વાઘેલા, પ્રૉ. ભરત વ્યાસે રોમેશ નિવેન સાથેના પોતાના સંભારણાં તાજાં કર્યાં હતાં અને તેમને નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

પ્રિન્સિપાલ ડૉ. દિલીપ મેવાડાએ સ્વાગત પ્રવચન કરતાં નિવેનજીની કાર્યપ્રવૃત્તિઓને વિગતે અહેવાલ આપ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ ઉપરાંત કૉલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા પણ રોમેશ નિવેનનું સન્માન કરવામાં આવ્યું હતું.

# દેશમાં પબ્લિક હેલ્થ ક્ષેત્રની સૌપ્રથમ યુનિવર્સિટીની સ્થાપનાનું ગૌરવ ગુજરાતને







# ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરનું મુખ્યમંત્રીએ કર્યું ઉદઘાટન

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની ધરતી પરથી સમગ્ર માનવજાતના કલ્યાણ અને સશકત રાષ્ટ્રનિર્માણનો માર્ગ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ-ગાંધીનગર દર્શાવશે, તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પ્રિવેન્ટીવ હેલ્થકેર માટેનું કુશળ માનવસંશાધન અને નાવિન્યપૂર્ણ શોધ-સંશોધનોથી આઈઆઈપીએચ ગાંધીનગર અંતરિયાળ, ગ્રામીણ, છેવાડાના વિસ્તારોમાં આરોગ્ય સુખાકારી માવજત અને રોગ નિયંત્રણ માટેનું શ્રેષ્ઠતમ જાગૃતિ વાતાવરણ પુરૂ પાડશે.

વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર નજીક લેકાવાડામાં ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ-ગાંધીનગરનું ઉદઘાટન કર્યુ હતું. પચાસ એકર વિસ્તારમાં નિર્માણ પામેલી આ સંસ્થા ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટથી સજ્જ છે.

વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર આરોગ્ય માવજત-સુખાકારી અને પ્રિવેન્ટીવ હેલ્થકેરના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત વ્યવસ્થાપન સંસ્થા ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ જેવા તજજ્ઞોનું નિર્માણ કરે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણ સહયોગ આપશે. તેમણે એમ પણ જણાવ્યું કે, રાજ્યના આરોગ્ય સેવાના તબીબો, પેરામેડિકલ સ્ટાફને આ સંસ્થામાં માર્ગદર્શક તાલીમ-પ્રશિક્ષણના કાર્યક્રમો પણ યોજાશે.

આરોગ્ય રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ પ્રિવેન્ટીવ કયોર માટેનું આગવું વિઝન આ ઈન્સ્ટીટયુટ મારફતે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વિકસાવીને ભારતમાં એક નવો રાહ બતાવ્યો છે તેમ ગૌરવ સહ જણાવ્યું હતું.

તેમણે ખાન-પાન, રહન-સહનની રીતભાત બદલીને સ્વાસ્થ્યપ્રદ જીવનનો નવો કોન્સેપ્ટ આ પબ્લિક હેલ્થ ફાઉન્ડેશને વિકસાવ્યો છે તેની પ્રસંશા કરી હતી.

આ સંસ્થાન રોગનિયંત્રણ જ નહિ, રોગ થાય જ નહિ તેવા શોધ-સંશોધનોને વ્યાપક ફલક પર વિકસાવે તેવી આરોગ્યમંત્રીશ્રીએ હિમાયત કરી હતી.

શંકરભાઈ ચૌધરીએ ફાસ્ટ લાઈફના આજના યુગમાં સમાજમાં સંક્રમિત થતા રોગો સામે ઉપચારાત્મક ઉપાયો કરતાં રોગ થાય જ નહિ તેવી પદ્ધતિનું સંયોજન એલોપેથી, હોમિયોપેથી, આયુર્વેદ, યોગ-નિયમ કસરત કરવાની પ્રેરણા આપી હતી. પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયાના અધ્યક્ષશ્રી નારાયણમૂર્તિજીએ પબ્લિક હેલ્થ ફાઉન્ડેશનના ઈતિહાસમાં આજના દિવસને સુવર્ણ દિવસ ગણાવ્યો હતો.

નારાયણમૂર્તિએ અન્ય વિકસીત દેશોની તુલનાએ ભારતમાં જાહેર આરોગ્ય ક્ષેત્રની તુલનાત્મક ટકાવારીનો સંદર્ભ આપતાં જણાવ્યું કે, આપણે આપણા આરોગ્ય કાર્યક્રમોને પધ્ધતિસરના અને જનહિતને સ્પર્શતા બનાવવા આવશ્યક છે.

સમાજમાં આરોગ્ય માવજત સાથે સ્વચ્છતા, પબ્લિક હેલ્થ ક્ષેત્રે તાલીમબદ્ધ માનવબળ નિર્માણ અને વ્યાપક જનજાગૃતિ માટે આ સંસ્થાન એક ઉત્કૃષ્ટ સેન્ટર ઓફ એકસલન્સ બનશે, તેમ તેમણે જણાવ્યું હતું.

આ સંસ્થા રાજ્ય સરકારના સહયોગથી આકાર પામીને જાહેર આરોગ્ય સુખાકારી, ગ્લોબલ વૉર્મિંગ, કલાયમેટચેન્જના ક્ષેત્રોમાં નાવિન્યપૂર્ણ સંશોધનો કરી સમાજોપયોગી સમયાનુકુલ કાર્યો કરે છે તેનો હર્ષ તેમણે વ્યકત કર્યો હતો. અહિંના તજજ્ઞો-તાલીમ પ્રાપ્ત યુવાઓ મેડીકલ ક્ષેત્રે થિંક ટેન્ક બને તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.

પી.એચ.એફ.આઈ.ના પ્રમુખ, પ્રોફ. કે. શ્રીનાથ રેડ્ડી, એ જણાવ્યું કે આઈઆઈપીએચ ગાંધીનગર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આરોગ્ય સંગઠનો તેમજ વિશ્વના બીજી સંસ્થાઓ જોડે સંપર્કમાં રહી જાહેર આરોગ્ય શિક્ષણ અને સંશોધનમાં શ્રેષ્ટતા મેળવશે. અહિં વિવિધ પ્રકારના વિષયોનું શિક્ષણ અપાશે જેનાથી વાસ્તવિક માર્ગ ખુલશે જેથી આરોગ્ય સંબંધિત કાર્યક્રમોનું આયોજન તેમજ તેનું અમલીકરણ કરવામાં મદદરૂપ થશે.

આઈઆઈપીએચ ગાંધીનગરના ડિરેક્ટર પ્રો. દિલીપ માવલંકરે પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત સરકારનો આ કેમ્પસ માટે જમીન ફાળવવા માટે આભાર વ્યકત કર્યો હતો. આ સંસ્થાના શિક્ષકો દ્વારા રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે આધારભૂત વિવિધ આરોગ્ય પદ્ધતિ અને એડવોકસી એકટીવીટીઝ સાથે અસરકારક રીતે સંકળાયેલા છે તેની વિગતો આપી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ઢાએ પાઠવેલા શુભેચ્છા સંદેશનું પઠન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાતા ખેમકા પરિવાર, ડૉ. શાહ પરિવાર, સંસ્થાના ચેરમેન અને પૂર્વ મુખ્યસચિવ સુધિર માંકડ, આરોગ્ય અગ્રસચિવ પંકજકુમાર, જે. પી. ગુપ્તા તેમજ પબ્લિક હેલ્થ ક્ષેત્રે સંકળાયેલા આમંત્રિતો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.